3

ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીની કચેરીને સુદ્દઢ કરવા માટે ઉપસચિવ સંવર્ગની ૦૧ જગ્યા ઉભી કરવા બાબત

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: એનપીસી/૧૦૨૦૧૭/૧૮૧/ડ

સચિવાલય, ગાંધીનગર

તા. 4 SEP 2019

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૧૦/૦૪/૨૦૧૮ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) આ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક:NPC-102007-1141-(Part-II)-V

(૩) ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીનો તા.૦૫/૧૨/૨૦૧૮ ની દરખાસ્ત ક્રમાંક:એસપીસીએ/૧૦૨૦૧૮/૯/૨૦૧૮

**<u>પ્રસ્તાવના:</u>**

આમુખ ક્રમાંક: (૩) થી ઓથોરીટીની કચેરી માટે આમુખ ક્રમાંક: (૧) આગળ દર્શાવેલ ઠરાવથી ઉભી કરેલ પોલીસ ઇન્સ્પેકટર, વર્ગ-૨ ની જગ્યા રદ કરવા તથા ઓથોરીટીની કચેરી માટે ઉપ સચિવ સંવર્ગની ૦૧ જગ્યા ઉભી કરવા તથા આ જગ્યા માટે ૨૦૧૯-૨૦ ના વર્ષમાં રૂ.૪, ૭૨,૦૦૦/-(અંકે રૂપિયા ચાર લાખ બોત્તેર હજાર પુરા)ની જોગવાઇ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાને અંતે, આમુખ ક્રમાંક (૧) આગળ દર્શાવેલ ઠરાવથી ઉભી કરેલ પોલીસ ઇન્સ્પેકટરની ૦૧ જગ્યા રદ કરવામાં આવે છે અને ઓથોરીટીની કચેરી માટે સચિવાલય સંવર્ગની ઉપ સચિવ, વર્ગ-૧ ની ૦૧ નવી જગ્યા ઉભી કરવા તેમજ તે જગ્યા માટે રૂ.૪, ૭૨,૦૦૦/-(અંકે રૂપિયા ચાર લાખ બોત્તેર હજાર પુરા)નો ખર્ચ કરવા માટે નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. વર્ગ- ૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૭. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

૮. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૯. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૦. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૧. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૨. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદર હેઠળ ચાલુ નાણાકીય વર્ષ સને ૨૦૧૯-૨૦ના વર્ષ માટે મંજુર થયેલ બજેટની જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૪૨ |
| મુખ્ય સદર | : | ૨૦૫૨ સચિવાલય સામાન્ય સેવાઓ |
| પેટા મુખ્ય સદર | : | ૦૦ |
| ગૌણ સદર | : | ૦૯૨ – અન્ય કચેરીઓ |
| પેટા સદર | : | ૦૨- સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીનું વ્યવસ્થાપન |
| ખર્ચનો પ્રકાર | : | બિન આયોજન/મતપાત્ર |
| ખર્ચનું ચાર્જેબલ હેડ (૧૧ ડીઝીટ કોડ) | : | ૨૦૫૨૦૦૦૯૨૦૨ |

આ હુકમો વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગની તા.૨૭-૦૮-૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચિરાગ વાઘેલા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

રવાના કર્યું
4 SEP 2019

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.

(૪) સેકશન અધિકારી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટી, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૮) સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) વિભાગના સર્વે અધિક સચિવ/સંયુક્ત સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવ

(૧૦) રોકડ શાખા (૨ નકલ), ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઈલ

(૧૨) શાખા સીલેક્ટ ફાઇલ.